**પોરબંદરના એડીશ્નલ ડીસ્ટ્રીકટ જજ સાહેબની અદાલતમાં,**
**મુ. પોરબંદર**

**દિવાની પરચુ. અરજી નંબર ૮૯/૨૦૨૫**

**અરજદાર –**
સફિયા નુરમોહમદ દુફાની,
ઉ.વ.આ. ૫૪, ધંધો – ઘરકામ,
રહે. – મેમણવાડા મેમણ જમાતખાના પાસે,
પોરબંદર.

**વિ રુ ધ્ધ**

**XXX XXX XXX**

**બાબત : માનસિક સ્વાસ્થ્ય અધિનિયમ, ૧૯૧૭, ૨૦૧૭ ની કલમ ૫૨, ૫૩, ૫૪ હેઠળ વાલી તરીકે નિમણૂક કરવા માટે અરજી.**

.........................................................................
અરજદાર તરફે વિ. વકીલશ્રી એસ. એ. સરવાણી.
.........................................................................

**: ચુ કા દો :**

(૧) અરજદારે હાલની અરજી તેઓના ભાઈ અહેમદ નુરમોહમદ દુફાની ના વાલી યાને ગાડીયન તરીકે નિમવા માટે પરવાનગી આપવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) અરજદારની હાલની અરજી અન્વયે વર્તમાપત્ર દૈનિક પોરબંદર સોરઠ ભાસ્કર માં જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવતા જે તા. ૦૭/૧૨/૨૦૨૫ ના રોજ પ્રસિધ્ધ થઈને આવેલ છે. જે આ કામે સામેલ રાખવામાં આવેલ છે. અરજદાર તરફે પોતાની અરજીના સમર્થનમાં જરૂરી સંમતી પત્રો સામેલ રાખેલ છે જે વંચાણે લેવામાં આવેલ છે.

(૩) આ કામમાં અરજદાર તરફે વિ.વ.શ્રી એસ. એ. સરવાણીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૪) ઉપરોકત હકીકતે જોવામાં આવે તો આ કામના અરજદારે હાલની અરજીમાં સોગંદ હેઠળ જણાવેલ છે કે અમો અરજદાર પોરબંદર મુકામે અમારા પરિવાર સાથે વસવાટ કરીએ છીએ. અમારા પિતાનું નામ મુરમોહમદ હાસીમ દુફાની છે તથા માતાનું નામ જુબેદા નુરમોહમદ દુફાની છે. અમારા પિતાશ્રી નુરમોહમદ હાસીમ દ્વારા પોરબંદર મેમણવાડામાં પોરબંદર નગીના મસ્જિદ પાછળ પોરબંદર સીટીસર્વે વોર્ડ નં. ૨ સીટીસર્વે નં. ૧૧૫૨/અ શીટ નં. ૧૪ જમીન ક્ષેત્રફળ ચો.મી. ૩૮–૭૪૦૬ (સીટીસર્વે પ્રોપર્ટીકાર્ડ રેકર્ડ મુજબ) વાળી મિલકત તેમણે મેમણ ઈસ્માઈલ મોહમદ જવેરી, રહે. પોરબંદર વાળા પાસેથી રજી. વેચાણ દસ્તાવેજ નં. ૯૭૪ થી તા. ૩૧/૦૩/૧૯૯૩ ના રોજ ખરીદ કરેલ છે. જેનું ક્ષેત્રફળ ચો.મી. ૩૯–૭૪૦૬ (દસ્તાવેજ રેકર્ડ મૂજબ) છે. અરજદારે વધુમાં જણાવેલ છે કે અમારા પિતાશ્રી નુરમોહમદ હાસીમ દુફાનીનું તા. ૩૧/૦૭/૨૦૨૦ ના રોજ તથા અમારા માતૃશ્રી જુબેદા નુરમોહમદ દુફાનીનું તા. ૧૬/૦૬/૨૦૧૮ ના રોજ અવસાન થયેલ છે. અમારા ગુજરનાર માતા–પિતાના કાયદેસરના નીચે મુબજના વારસદારો રહેલા છે.

૧. પુત્ર – ઉસ્માન નુરમોહમદ દુફાની, ઉ.વ. ૫૬,
રહે. : સુરીયા વાડ પાસે, જમાતખાના મેમણવાડા નગીના મસ્જી પાછળ, પોરબંદર, હાલ રહે. ESTRADA NASCIONAL, 10 Q.B CASA S/N 1 DEJULHO QUELIMANE, MOZAMBIQUE, MO. + 258 284 639 3778.

૨. પુત્રી – સફિયા નુરમોહમદ દુફાની, ઉ.વ. ૫૪,
રહે. : મેમણવાડા મેમણ જમાતખાના પાસે, પોરબંદર

૩. પુત્રી – રેહાના નુરમોહમદ દુફાની, ઉ.વ. ૫૨,
રહે. : નગીના મસ્જીદ સામે, મેમણવાડ, પોરબંદર.

૪. પુત્ર – એહમદ નુરમોહમદ દુફાની, ઉ.વ. ૪૮,
રહે. : નગીના મસ્જીદ સામે, મેમણવાડ, પોરબંદર

(૫) અરજદારે વધુમાં જણાવેલ છે કે, આ સિવાય અમારા કોઈ વારસદારો રહેલા નથી તેમજ ઉપર વર્ણવેલ સદર મિલકત અમો અરજદાર તથા અમારા અન્ય અમારા ભાઈ બહેનોના નામે પોરબંદર સીટીસર્વે ઓફીસના નોંધ નં. ૧૩૪૭૭ થી તા. ૨૦/૦૧/૨૦૨૫ ના રોજ વારસાઈ દરજ્જે ધારણકર્તા તરીકે પ્રાપ્ત થયેલ છે અને અમો ઉપરોકત તમામ વારસોના નામે રેકર્ડ ઉપર ચાલે છે અને અમો અરજદારના નાના ભાઈ ઉપરોકત વારસદાર નં. ૪ અહેમદ નુરમોહમદ દુફાની માનસિક રીતે સંપૂર્ણપણે અસ્વસ્થ છે અને તેઓ કાંઈ બોલી ચાલી શકતા નથી. કે, કાંઈ સમજી, સાંભળી શકતા નથી કે, હાલી ચાલી શકતા નથી કે, પોતાની દૈનિક ક્રિયાનું કોઈ પણ કામ પોતાની રીતે કરી શકતા નથી. અમો અરજદારના આ ભાઈ જન્મથી જ માનસિક અસ્વસ્થતા ધરાવે છે. અમો અરજદારના માનસિક ભાઈ એહમદ નુરમોહમદ દુફાની માનસિક રીતે અસ્વસ્થ છે. તે અંગે જનરલ હોસ્પિટલ પોરબંદરનું તા. ૧૫/૧૮-૧૨-૨૦૦૯ નું સર્ટીફીકેટ નં. ૩૩૦૦/૨૦૦૯ વાળુ રજુ છે. તેમજ તા. ૧૫/૧૨/૨૦૦૯ નું કન્સેશન સર્ટીફીકેટ રજુ રાખેલ છે. અમો અરજદાર તથા અન્ય વારસદારો સદરહુ ઉપરોકત વર્ણવેલ મિલકતનો વેચાણ કરવા ઈરાદો ધરાવીએ છીએ. પરંતુ અમો વારસદારો પૈકી વારસદાર નં. ૪ અહેમદ નુરમોહમદ દુફાની માનસિક રીતે ૮૫% ઉપરાંત અસ્વસ્થ હોય અને મિલકતને લગતી કાયદાકીય પ્રક્રિયા કે, તેને સંલગ્ન કચેરીમાં થતી મિલકત સબંધેની કાર્યવાહીમાં પોતે હાજર રહી સમજી શકે તેવી સ્થિતિસંજોગો ધરાવતા નથી. હાલ અમો અરજદાર તથા અન્ય વારસદારોને સદરહુ મિલકતમાં અમારા ભાઈ માનસિક રીતે અસ્વસ્થ હોય જેથી પોતાના ભાગની મિલકતનું સંચાલન વ્યવસ્થા કરવામાં અસમર્થ છે. હાલ અમો અરજદાર તથા અન્ય વારસો દ્વારા મિલકતના હકકહિસ્સા પાડવા હોય, લાગભાગ લેવાના હોય અને એવા સંજોગોમાં ઉપર જણાવેલ મિલકતનું વેચાણ કરવાનું હોય જેથી અમારા ભાઈ એહમદ નુરમોહમદ દુફાનીના ભાગના હિસ્સા પુરતી મિલકતના વેચાણ વ્યવહાર કરવા અસમર્થ હોય માનસિક રીતે અસ્વસ્થ હોય અને પોતાના હિસ્સાની મિલકતનું કોઈ પણ રીતે પ્રતિનિધિત્વ કે,

સંચાલન કરી શકે તેવા સ્થિતિસંજોગો નથી કે, સમજી સાંભળી શકતા નથી. જેથી તેમના ભાગે આવતી મિલકતના હકકહિસ્સાનું લાગભાગનું વેચાણ વ્યવહાર પ્રતિનિધિત્વ કરવુ સંચાલત કરવુ જરૂરી હોય જેથી હાલની અરજી કરવા કારણ ઉત્પન્ન થયેલ છે. જેથી હાલની અરજી લાવી દાદ માંગેલ છે કે, પોરબંદર મેમણવાડામાં પોરબંદર નગીના મસ્જિદ પાછળ પોરબંદર સીટીસર્વે વોર્ડ નં. ૨ સીટીસર્વે નં. ૧૧૫૨/અ શીટ નં. ૧૪ જમીન ક્ષેત્રફળ ચો.મી. ૩૮–૭૪૦૬ (સીટીસર્વે પ્રોપર્ટીકાર્ડ રેકર્ડ મુજબ) વાળી મિલકત તેમણે મેમણ ઈસ્માઈલ મોહમદ જવેરી, રહે. પોરબંદર વાળા પાસેથી રજી. વેચાણ દસ્તાવેજ નં. ૯૭૪ થી તા. ૩૧/૦૩/૧૯૯૩ ના રોજ ખરીદ કરેલ છે. જેનું ક્ષેત્રફળ ચો.મી. ૩૯–૭૪૦૬ ( દસ્તાવેજ રેકર્ડ મૂજબ) વાળી મિલકતમાંથી અમારા ભાઈ અહેમદ નુરમોહમદ દુફાનીના ભાગે આવતી મિલકતના હકક હિસ્સો–ભાગ પુરતી મિલકતનું વેચાણ કરવા હકક જતો કરવા વિગેરે વ્યવસ્થા કરવા અમો અરજદારને પ્રતિનિધિ તરીકે, ગાર્ડિયન તરીકે નિમવા હુકમ કરવા નમ્ર અરજ કરેલ છે.

(૬) આ અરજીના અનુસંધાને આ અદાલતે અરજદાર દ્વારા આંક–૪ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ રાખવામાં આવેલ દસ્તાવેજો વંચાણે લીધેલ છે.

(૭) આમ આ કામના અરજદારના ભાઈ અહેમદ નુરમહમદ દુફાની માનસિક રીત અસમર્થ છે તે અંગે જનરલ હોસ્પિટલ પોરબંદરનુ તા. ૧૫–૧૮/૧૨/૨૦૦૯ નુ સર્ટીફીકેટ નં. ૩૩૦૦/૨૦૦૯ વાળુ આ કામે દસ્તાવેજી પુરાવાના લિસ્ટ આક–૪ થી રજુ કરેલ છે જે ડીસએબીલીટી સર્ટીફીકેટને આંક–૧૪ થી આ કામે ટ્રુ કોપી રજુ કરેલ છે જે ફીઝીકલ હેન્ડીકેપ સર્ટીફીકેટ વંચાણે લેતા તેઓને Spastic cerebral palsy with mental retardation નામનો રોગ છે જેનો અર્થ એવો થાય કે બાળકના જન્મ સમયે તેનુ મગજ પુર્ણરૂપે વિકસીત થયેલ ન હોવાને કારણે તેઓ સામાન્ય વ્યક્તિ જેવી સમજ ધરાવતા નથી કે કામ કરી શકતા નથી અને જેથી તે વ્યક્તિ અન્ય પર

આધારીત હોય છે. આ કામે અરજદારે તેમના પિતાશ્રી નુરમોહમદ હાસીમ દ્વારા પોરબંદર મેમણવાડામાં પોરબંદર નગીના મસ્જિદ પાછળ પોરબંદર સીટીસર્વે વોર્ડ નં. ૨ સીટીસર્વે નં. ૧૧૫૨/અ શીટ નં. ૧૪ જમીન ક્ષેત્રફળ ચો.મી. ૩૮–૭૪૦૬ (સીટીસર્વે પ્રોપર્ટીકાર્ડ રેકર્ડ મુજબ) વાળી મિલકત તેમણે મેમણ ઈસ્માઈલ મોહમદ જવેરી, રહે. પોરબંદર વાળા પાસેથી રજી. વેચાણ દસ્તાવેજ નં. ૯૭૪ થી તા. ૩૧/૦૩/૧૯૯૩ ના રોજ ખરીદ કરેલ છે. જેનું ક્ષેત્રફળ ચો.મી. ૩૯–૭૪૦૬ (દસ્તાવેજ રેકર્ડ મૂજબ) છે. અરજદારે વધુમાં જણાવેલ છે કે અમારા પિતાશ્રી નુરમોહમદ હાસીમ દુફાનીનું તા. ૩૧/૦૭/૨૦૨૦ ના રોજ તથા અમારા માતૃશ્રી જુબેદા નુરમોહમદ દુફાનીનું તા. ૧૬/૦૬/૨૦૧૮ ના રોજ અવસાન થયેલ છે. ઉપરોકત મિલ્કતનો પ્રોપર્ટી કાર્ડ આ કામે આંક–૧૦ થી રજુ કરવામાં આવેલ છે જે વંચાણે લેતા તેનો સીટી સર્વે નં ૧૧૫૧/અ તથા ક્ષેત્રફળ ૩૮–૭૪૦૬ ચો. મી. દર્શાવેલ છે જેમાં નોંધ નં. ૩૯૪ કે જે તા. ૧૨/૦૫/૯૩ ના રોજ પાડવામાં આવેલ છે અને તે તા. ૨૯/૦૬/૯૩ ના રોજ સીટીસર્વે સુપ્રિટેન્ડન્ટ દ્વારા પ્રમાણીત કરવામાં આવેલ છે તેમાં ફેરફારની વિગતમાં વેચાણ આપનાર ઈસ્માઈલ મહમદ જવેરી વેચાણ અવેજની રકમ રૂા. ૬૫,૦૦૦/– અને વેચાણ લેનાર તરીકે નુરમહમદ હાસીમ ફકિરનાઓ છે અને તે વેચાણ દસ્તાવેજનો સબ–રજીસ્ટાર ઉતારાનો નંબર ૯૭૪, તા. ૩૧/૦૩/૯૩ છે. ત્યારબાદ નોંધ નં. ૧૩૪૭૭, તા. ૨૦/૦૧/૨૦૨૫ ના રોજ વારસાઈ એન્ટ્રી પાડવામાં આવેલ છે જેમાં નુરમહમદ હાસીમ દુફાની તા. ૩૧/૦૭/૨૦૨૦ ના રોજ તથા તેમના પત્ની ઝુબેદા નુરમહમદ દુફાની તા. ૧૬/૦૬/૨૦૧૮ના રોજ અવસાન પામેલ હોય તેમના વારસદારોના નામ દાખલ કરવામાં આવેલ છે તે મુજબ વારસદાર નં. ૧ ઉસ્માન નુરમહમદ દુફાની, નં. ૨ સફીયા નુરમહમદ દુફાની, નં. ૩ રેહાના નુરમહમદ દુફાની અને નં. ૪ તરીકે અહેમદ નુરમહમદ દુફાનીનાઓ છે જે ફેરફાર નોંધ ન.

૧૩૪૭૭, તા. ૨૬/૦૩/૨૦૨૫ના રોજ પ્રમાણીત થયેલ છે અને જેથી સીટીસર્વે નં. ૧૧૫૨/અ ના કાયદેસર માલીક અને કબજેદાર વારસદાર નં. ૧ થી ૪ નાઓ છે.

(૮) આમ અરજદારની અરજીમાં જણાવેલ હકિકતો મુજબ તેમના ભાઇ અહેમદ નુરમહમદ દુફાનીના ભાગના હિસ્સા પુરતી મિલ્કતના વેચાણ વહેવાર કરવા અસમર્થ હોય, માનસિક રીતે અસ્વસ્થ હોય અને પોતાના હિસ્સાની મિલ્કતના હકક હિસ્સાનુ લાગભાગનુ વેચાણ વહેવાર પ્રતિનીધીત્વ કરવુ સંચાલન કરવુ જરૂરી હોય જેથી તેના પ્રતિનીધી તરીકે અરજદારને ગાર્ડીયન તરીકે નિમવા માટે હાલની અરજી કરેલ છે. હાલના અરજદારે અરજીના સમર્થનમાં આંક–૮ થી સોગંદનામુ રજુ કરેલ છે જે વંચાણે લીધુ તથા હાલની અરજીના અનુસંધાને જાહેર નોટીસ દૈનીક વર્તમાનપત્ર દિવ્યભાસ્કર પ્રસિધ્ધ કરેલ તેની અસલ પ્રત બિલ સહીત તા. ૦૭/૧૨/૨૦૨૫ નુ આ કામે રજુ રાખેલ છે જે વંચાણે લીધુ. આ અદાલત વિનમ્રપણે એવુ માને છે કે અરજદાના ભાઈ અહેમદ નુરમહમદ દુફાનીની ભરણ–પોષણ તથા સારસંભાળની વ્યવસ્થા અરજદાર સારી રીતે કરતા હશે, આ અરજી સામે અન્ય કોઈ વારસદારોએ જાહેર નોટીસ પ્રસિધ્ધી બાદ લેખીત કે મૌખીક વાંધો આ કામે રજુ રાખેલ નથી. જેથી હાલની અરજીના કામે અરજદારના લાભમાં માંગ્યા મુજબની દાદ શરતોને આધીન મંજુર કરવામાં આવે તો અન્ય કોઈ વારસોને વાંધો કે તકરાર નથી તેવુ અનુમાન કરી શકાય અને આમ અરજીમાં જણાવેલ હકિકત તથા સંજોગો તથા અરજદારના ભાઈ અહેમદ નુરમહમદ દુફાની ની માનસિક તથા શારીરીક કાયમી સ્વરૂપની ઉણપ ધ્યાને લેતા તેમના વતી અરજીમાં જણાવેલ મિલ્કતની વહીવટ તથા વ્યવસ્થા કરવાની અરજદારને ગાર્ડીયન તરીકે નીમી શરતોને આધીન પરવાનગી આપવામાં આવે તો વ્યાજબી અને ન્યાયી લેખાશે તેવુ મારૂ માનવુ છે.

**: હુકમ :**

૧. અરજદારની હાલની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

૨. આ કામના અરજદાર – સફીયા નુરમહમદ દુફાનીને, મેન્ટલી તથા ફીઝીકલી ડીસેબલ તેમના ભાઇ અહેમદ નુરમહમદ દુફાનીના વાલી/ગાર્ડીયન તરીકે નિમવાનો હુકમ ફરવામાં આવે છે. તથા મોજે પોરબંદર વોર્ડ નં. ૨, સીટીસર્વે નં. ૧૧૫૨/અ વાળી મિલ્કત જેનુ ક્ષેત્રફળ ૩૮–૭૪૦૬ ચો. મી. વાળી મિલ્કત પૈકી તેમના ભાઇ અહેમદ નુરમહમદ દુફાનીના હિસ્સે આવતી મિલ્કતનો વહીવટ કરવાનો તથા તેના કલ્યાણ માટે મિલ્કતની તબદીલી કરવાનો અધિકાર આપવામાં આવે છે.

૩. અરજદારની તરફેણમાં જરુરી ગાર્ડીયન શર્ટી. ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૪. અરજદારે ગાર્ડીયન તરીકે મેન્ટલ અને ફીઝીકલ ડીસેબલ અહેમદ નુરમહમદ દુફાની ની યોગ્ય સાર–સંભાળ તથા લાલન પાલન તેમના હીત સબંધીત કાર્યવાહી અનુસરવાની રહેશે.

૫. જીલ્લા અદાલતના નાઝીરશ્રી દર વર્ષે જાન્યુઆરી માસમાં ૧ થી ૫ તારીખ દરમ્યાન અરજદારને રુબરુ બોલાવી ફીઝીકલ ડીસેબલ પર્સન અહેમદ નુરમહમદ દુફાનીની યોગ્ય સાર સંભાળ રાખવામાં આવે છે કે કેમ તે બાબતે ખરાઈ કરવાની રહેશે.

૬. આ હુકમની જાણ સબંધીત ઓથોરીટીને કરવી.

આ હુકમ આજ તા. ૨૯ માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૯/૦૪/૨૦૨૬
મુ. પોરબંદર

(પ્રવિણકુમાર એચ. શર્મા)
એડીશ્નલ ડિસ્ટ્રીકટ જજ,
UID Code No.GJ00701,
પોરબંદર